# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- રાજ્યમાં આગામી 7 મી મેના રોજ યોજનાર ચૂંટણીનો પ્રચાર વેગવંતો બન્યો.
- પ્રધાનમંત્રી મોદીએ રાજ્યમાં રેકોર્ડબ્રેક મતદાન કરવા માટેની અપીલ કરી. તો આજે કોંગ્રેસના નેતા મલ્લિકાર્જૂન ખડગે ગુજરાતમાં કરશે ચૂંટણી પ્રચાર
- મતદાનને પ્રોત્સાહન આપવા ચૂંટણી પંચ અને રેપિડોની અનોખી પહેલ. મતદાન બાદ આંગળી પર નિશાન બતાવીને મફતમાં બૂક કરી શકાશે રેપિડો રાઇડ.
- ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસમાં ભાવનગરના ચિરાગ ડાભીએ જીત હાંસલ કરી
- અને ગુજરાતમાં આગામી પાંચ દિવસમાં લૂની સ્થિતિ યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ. PRACHAR

રાજ્યમાં આગામી 7મી મે ના રોજ લોકસભાની 25 અને ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે યોજાનાર ચૂંટણીનો જાહેર પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો પોતપોતાના ઉમેદવારના સમર્થનમાં જાહેર સભાઓ અને રેલીઓ યોજી મતદારોને રીઝવવા પ્રયાસો કરી રહ્યા છે.

------------

-રીપીટ

# GUJ-PM RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ગુજરાતના આણંદ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરમાં ચુંટણી પ્રચાર કરતાં જાહેરસભાઓ સંબોધી હતી.

જામનગરમાં જાહેર સભાને સંબોધતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર સાથેના તેમના જુના સંભારણાઓ તાજા કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, જામનગરના ઉમેદવાર પૂનમ માડમ, પોરબંદર વિધાનસભા બેઠકના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

જુનાગઢમાં શ્રી મોદી કહ્યું કે સમગ્ર દેશમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે ભાજપ સરકારે આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. શ્રી મોદીએ કોંગ્રેસ પર વિભાજનકારી રાજનીતિમાં સામેલ હોવાનો પણ આરોપ લગાવ્યો હતો.

આણંદમાં એક રેલી દરમિયાન શ્રી મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન શાસન હેઠળ છેલ્લા દસ વર્ષમાં દેશે એક મોટું પરિવર્તન જોયું છે.

------------

રીપીટ

# ASHOK GEHLOT ON BJP

આજે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે રાજકોટ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના ચુંટણી પ્રચાર માટે આવી રહ્યા છે.

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના અગ્રણી નેતા અશોક ગેહલોતે લોકસભા ચૂંટણી પ્રચાર અર્થે અમદાવાદના પ્રવાસ દરમિયાન રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદ યોજી ભાજપ પર પ્રહાર કર્યા હતા અને ઈલેક્ટોરલ બૉન્ડ અંગે પણ સરકારની ટીકા કરી હતી.

--------------------

ડેસ્ક, રિદ્ધિ, નવીન

# Rapido

મતદાન માટે જાગૃત્તિ વધારવા માટે ગઈકાલે ગુજરાતના મુખ્ય ચૂંટણી કાર્યાલયના અધીકારીઓ સાથે રેપિડોના અધિકારીઓએ મુલાકાત કરી હતી.

રેપિડોએ 7મી મેએ યોજાનારી ચૂંટણીમાં “સવારી જીમ્મેદારી કી” પહેલ શરૂ કરી છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને આણંદ જેવા મહત્વના શહેરોમાં રેપિડોએ મતદાતાઓને મતદાન કર્યા બાદ વિના મૂલ્યે બાઈક ટેક્સીની સુવિધા પૂરી પાડવાનો સંકલ્પ લીધો છે.

ચૂંટણીના દિવસે મતદાતા મતદાન કર્યા બાદ શાહી વાળી આંગળી બતાવીને ‘VOTENOW’ કોડનો ઉપયોગ કરી રેપિડો એપ પર ફ્રી રાઈડ્સની સુવિધા મેળવી શકશે

રેપિડો દ્વારા ચૂંટણીના દિવસે ફ્રી રાઈડ ઉપલબ્ધ કરાવવા માટે 100થી પણ વધારે શહેરોમાં 10 લાખથી વધુ રાઇડર્સને કામે લગાડવામાં આવ્યા છે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સુ.શ્રી પી.ભારતીએ જણાવ્યું હતું કે, મતદાતાઓની સહભાગીતા તથા સામેલગીરીને વધારવા માટે કરવામાં આવી રહેલા સક્રિય પ્રયાસો બદલ અમે રેપિડોની પ્રશંસા કરી છીએ.

---

-માહિતી, રિદ્ધિ, -(નવીન)

# Matdan Jagruti

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્યભરમાં વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમ દ્વારા મહત્તમ મતદાન થાય તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે. જે અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં દૂધ ઉત્પાદક મંડળીઓ ખાતે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતું. દૂધ આપવા આવતા દૂધ ઉત્પાદકોએ સહી કરીને મતદાન જાગૃતિ કાર્યક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

અમરેલી જિલ્લામાં સામૂહિક મહેંદી કાર્યક્રમ યોજયો હતો. મહિલાઓએ મતદાન જાગૃત્તિ માટે 'વોટ ફોર ઇન્ડિયા', 'મેરા મત મેરા અધિકાર', 'મતદાન - દેશ કા મહાન ત્યૌહાર' જેવા વિવિધ સૂત્રોને અવનવી મહેંદી ભાત મૂકાવીને અનોખી રીતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં સહભાહી થયા હતા.

કચ્છ જિલ્લામાં વિશેષ પ્રવૃત્તિ હેઠળ જિલ્લાના વિવિધ ઉદ્યોગ ગૃહ સાથે મતદાન જાગૃતિ સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી અને કંપનીમાં કામ કરતા તમામ કર્મચારીઓ, કામદારો, શ્રમિકો વગેરેને અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

વડોદરા જિલ્લામાં કમાટી બાગ ખાતે મતદાન જાગૃતિ માટે આગામી ૫ મે, રવિવારે 'રન ફોર વોટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા શહેર ઉપરાંત કરજણ, ડભોઈ, પાદરા, સાવલી અને વાઘોડીયા વિધાનસભા મત વિભાગમાં પણ રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે.

રાજકોટ સંસદીય મતવિસ્તારના વાંકાનેર તાલુકાની ઠિકરીયાળા સરકારી માધ્યમિક શાળામાં રંગોળી દોરીને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન અવશ્ય કરવા માટે સંદેશ આપવામાં આવ્યો હતો. તથા આંગણવાડી કેન્દ્રોની બહેનોએ

પોતાના હાથમાં મહેંદી મુકાવીને દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે અચુક મતદાન કરવા માટેની અપીલ કરી હતી.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે 18 વર્ષથી 100 વર્ષ સુધીના તમામ મતદારોને મતદાનના કિંમતી અધિકારનો ઉપયોગ કરી લોકતંત્રના મહાપર્વના સહભાગી થવા પદ્મશ્રી માલજીભાઈ દેસાઈએ અપીલ કરી છે. અને જણાવ્યું છે કે અમૂલ્ય મતના અધિકારનો ઉપયોગ કરવા ચૂંટણીના દિવસે એક કલાકનો સમય કાઢીને પોતાના મનગમતા ઉમેદવારને મત અવશ્ય આપીએ.

----------------------------------------------------------------------

-પીટીસી, અમરેલી, પાટણ, છોટાઉદેપુર, માહિતી, હર્ષ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Yotube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

.......................................

DESK

# SARITA GAYKWAD

એશિયન ગોલ્ડ મેડાલિસ્ટ એવા ડાંગના રમતવીર સરિતા ગાયકવાડે મતદારોને અચૂક અને અવશ્ય મતદાન કરવા અપીલ કરી છે.

ડાંગમાં નાયબ પોલિસ અધિક્ષક તરીકે ફ્જ બજાવનારા સરિતા ગાયકવાડે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું અને સૌને મતદાન કરવા અપીલ કરી હતી.

## બાઇટ – સરિતા ગાયકવાડ, રમતવીર

---------------------------------------------------------------------

-પીટીસી, ડાંગ, હર્ષલ -(નવીન)

# PANCHMAHAL ELECTION

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં મતદાન યોજાનારું છે. સાતમી મે ના રોજ થનારા આ મતદાન માટે પંચમહાલનું ચૂંટણી તંત્ર સજ્જ બની ગયું છે..

જીલ્લા ચૂંટણી તંત્રની તૈયારીઓ અંગે જીલ્લા કલેકટર અને જીલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી આશિષકુમારે કહ્યું હતું કે, તંત્ર મતદાન માટે સજ્જ છે અને તમામ તૈયારીઓ ચાલી રહી છે.

બાઇટ – આશિષકુમાર, જીલ્લા ચૂંટણી અધિકારી, પંચમહાલ

-----------------------------------------------------------------------

-પીટીસી, પંચમહાલ, દિપીકા-(નવીન)

# Table tennis

**ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસમાં ભાવનગરના ચિરાગ ડાભીએ જીત હાંસલ કરી છે.**

**ચિરાગ ડાભીએ શાનદાર પ્રદર્શન કરતાં પુરૂષ અન્ડર 17 અને અન્ડર 19 કવોલીફાઇંગ રાઉન્ડમાં જીત હાંસલ કરી હતી. ચિરાગે અન્ડર 17 સ્પર્ધામાં પોતાના શહેરના જયવીર ચાવડા સામે જીત મેળવી છે. જયારે અન્ડર 19માં ગાંધીનગરમાં આદિત્ય બ્રહ્મભટ્ટને હરાવ્યો**

**ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધા ભાવનગરમાં ગઇકાલથી જ શરૂ થઇ છે જે પાંચ મે સુધી ચાલનારી છે.**

---------------------------------------------------------------------

-એજન્સી, રિદ્ધિ -(નવીન)

# GUJ _ WEATHER

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આગામી પાંચ દિવસોમાં લૂની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગ અનુસાર કચ્છ તેમજ સૌરાષ્ટ્રના વિવિધ ભાગો જેવા કે પોરબંદર, ભાવનગર ઉપરાંત દીવ-દમણ અંતરિયાળ ભાગોમાં ગરમીનો પારો ઉપર જઈ શકે છે. આવનારા પાંચ દિવસોમાં ગરમી સહ્ય હશે, જોકે લાંબી માંદગી ધરાવતા દર્દીઓ તેમજ વૃદ્ધ લોકોએ ગરમીમાં બહાર જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમા તાપમાન સૂકું રહેશે. જોકે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાનમાં રાહત અનુભવાઈ શકે છે. ગુરુવારે રાજ્યમાં મહત્તમ તાપમાન રાજકોટ, અમરેલી, સુરેન્દ્ર નગર, વલ્લભવિદ્યાનગર અને અમદાવાદમાં 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આ ઉપરાંત કેટલાંક જિલ્લાઓમાં તાપમાનમાં 1થી 2 ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

---------------------------------------------------------------------

-હવા.વેબ., સુનિતા -(નવીન)

# EC-ADVISORY

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષોને માર્ગદર્શિકા જાહેર કરતાં તમામ પક્ષોને કોઈપણ જાહેરાત, સર્વે અથવા એપ દ્વારા ચૂંટણી પછી લાભાર્થીલક્ષી યોજનાઓ માટે વ્યક્તિઓની નોંધણી સાથે સંકળાયેલી કોઈપણ પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરવા અને તેનાથી દૂર રહેવા જણાવવામાં આવ્યું છે.

પંચે જણાવ્યું હતું કે મતદાન પછીના લાભો માટે નોંધણી માટે મતદારોને આમંત્રિત કરવાથી મતદાર અને પ્રસ્તાવિત કરાયેલા લાભ વચ્ચેના વ્યવહારિક સંબંધની જરૂરિયાતનો આભાસ કરાવે છે. પંચે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જોગવાઈઓ અનુસાર આવી જાહેરાતો સામે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે.

------------

રીપીટ